# ધરમપુર નજીક જીપ પલટી ખાઈ જતાં ૭ના મોત : ૪ ઘાયલ

ધરમપુર, તા. ૨૧

ધરમપુર તાલુકાના તામછડી ગામે હાડીઘાટ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા સાત લોકોના કરુણ મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. કમાન્ડર જીપની લાઈટ બંધ થઈ જતાં જીપના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા આ જીપ પલટી ખાઈ ગઈ હતી જેમાં જીપમાં મુસાફરી કરી રહેલા વારલી જાતિના સાત લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. લગ્ન પ્રસંગ હોવાથી શાકભાજી અને જરૂરી જથ્થો લઈને તમામ વ્યક્તિ જીપમાં પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો.

ધરમપુરથી આશરે ૨૫ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં એક જીપ પલટી ખાઈ જતા ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. વિગત મુજબ ધરમપુરના તામછડી ગામે લગ્ન પ્રસંગ હતો જેના ભાગરૂપે શાકભાજીનો જથ્થો પહોંચાડવામાં આવ્યો હતો. જથ્થો પહોંચાડીને જીપના લોકો પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો.દુર્ઘટનાગ્રસ્ત જીપ જીજે ૧૫ બીબી ૦૪૨૨૭ તરીકે ઓળખાઈ છે. પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે જીપની લાઈટ બંધ થઈ જતા ચાલકે કાબુ ગુમાવી દીધો હતો. આ બનાવ હાંડીઘાટના વળાંક પર બન્યો હતો. અકસ્માત બાદ તરત જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી. જો કે અકસ્માત એટલો પ્રચંડ હતો કે સાતના તો ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. ધરમપુર તાલુકાના તામછડી ગામે રહેતા ૧૧ લોકો નાની પરવડ ગામે સંબંધીઓના ત્યાં લગ્ન કાર્યક્રમ હોવાથી કમાન્ડર જીપ લઈને નિકળ્યા હતા. શાકભાજીનો જથ્થો આપીને નાની પરવડ ગામેથી પરત રવાના થયા હતા. તામછડી જવા નિકળ્યા બાદ હાટીઘાટના ચઢાણ ઉપર જીપના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા જીપ પલટી ખાઈ ગઈ હતી. સાત લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. ઘાયલ થયેલા રાહુલ બારિયા અને મિતેષ દાહવડને ધરમપુરની હોસ્પિટલમાં ખસેડાયા હતા. એક જ ગામના અને નજીક નજીક રહેતા સાત લોકોના મોતથી અરેરાટી ફેલાઈ ગઈ હતી. મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે.



## કાયમી કરવાની માંગ સાથે આવેદનપત્ર

ગુજરાત રાજ્ય સરકારે ઈગ્રામ યોજના હેઠળ રાજ્યની ૧૩૭૦૦થી વધુ ગામડાઓમાં ઈ-ગ્રામ યોજના હેઠળ તમામ પંચાયતોમાં ફરજ બજાવતા અને પ્રજાજનો અને ખેડૂતોને ઉપયોગી સરકારી સુવિધાઓ જેવી કે જન્મના દાખલા, રેવન્યુ રેકર્ડ ઉપલબ્ધ કરાવવા, ચૂંટણીલક્ષી કામકાજ અને જીઈબી બીલ જેવી અનેક યોજનાઓમાં મદદરૂપ બનતા કોમ્પ્યુટર ઓપરેટરોએ તેમને દશેક વર્ષની ફરજને ધ્યાનમાં રાખી કાયમી કરવાની માંગ અને સરકારી લાભો મળવા અંગે ન્યાય મેળવવા ગુજરાત રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામ કોમ્પ્યુટર સાહસીકો (ઓપરેટરો)એ સરકારી અધિકારીઓને આવેદન પત્ર આપી સરકાર સુધી અવાજ પહોંચાડવા રજૂઆતના અનુસંધાને મંગળવારે અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા હંગામી કોમ્પ્યુટર ઓપરેટરોએ તેમના જિલ્લા સંગઠનના પ્રમુખ હિતેન્દ્ર એચ. પટેલની આગેવાની હેઠળ મોડાસા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપી મીનીમમ વળતર અને મોંઘવારીને પહોંચી વળવા માટે વેતનની માંગ સાથે કાયમી કરવાની માંગની રજૂઆત આવેદનપત્ર આપી કરવામાં આવી હતી.

# સરકાર વિરોધ પક્ષનો સહન કરી શકતી નથી : શંકરસિંહ

અમદાવાદ, તા.૨૧

ભાજપ સરકાર વિરોધપક્ષ અને તેનો વિરોધ સહન કરી શકતી નથી. કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીને ફરિવાર સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાએ જણાવ્યું હતું કે, હકીકતમાં આવા બનાવથી ભાજપની વિરોધપક્ષને દબાવી દેવાની માનસિકતા છતી થાય છે. વિરોધપક્ષના સભ્યને કોઈપણ જાતના વાંકગુના વગર સસ્પેન્ડ કરી દેવાય છે તે યોગ્ય નથી. પ્રશ્નોતરીકાળમાં પ્રશ્નો પુછવાનો સભ્યઓનો અધિકાર છે. અધ્યક્ષ તેઓને પ્રશ્ન પુછવાનો મોકો આપે કે ન આપે તે જુદી વાત છે, પરંતુ વિરોધપક્ષના સભ્ય આક્રમક રીતે સાચી વાત રજુ કરતાં હોય ત્યારે તેને સસ્પેન્ડ કરી દબાવી દેવામાં આવે કે બોલતા બંધ કરી દેવામાં આવે તેને કોંગ્રેસ પક્ષ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, તાજેતરમાં દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભુતપગલા ગામની બે સગી બહેનો ઉપર સામુહિક બળાત્કારની ઘટના અંગેવિધાનસભામાં દાહોદ ગરબાડા વિસ્તારના કોંગ્રેસ પક્ષના ત્રણ ધારાસભ્યઓ ચંદ્રીકાબેન બારીઆ, વજેસિંગભાઈ પણદા અને ગેંદાલભાઈ ડામોરની તાકીદની જાહેર અગત્યની બાબતની ૧૧૬ની નોટિસ હતી. આદિવાસી સગીર બાળાઓ ઉપર તેના પિતાની હાજરીમાં થયેલ બળાત્કારના પ્રશ્નો માનવતાની વાત કરે, તે કોઈપણ રીતે વ્યાજબી નથી. કોંગ્રેસ પક્ષના મહિલા ધારાસભ્ય ચંદ્રીકાબેન બારીયાએ આ બનાવની જાત તપાસ કરી હતી અને સમગ્ર બનાવનું ગૃહમાં જયારે અતિસંવેદનશીલતાથી વર્ણન કરતા હતા ત્યારે તેમને પણ સાંભળવામાં ન આવ્યા. હકીકતમાં નલીયા, માંડવી, સુરેન્દ્રનગરના બળાત્કાર કેસોમાં ભાજપના કાર્યકર્તાઓ સંડોવાયેલા હોય અને બળાત્કારના બનાવોનું વારંવાર પુનરાવર્તન થયું હોય ત્યારે રાજય સરકારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર કોઈ નિયત્રણ રહ્યું નથી કે ગુનેગારોને ડર રહ્યો જ નથી તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. આવા સંવેદનશીલ બનાવમાં પણ સરકાર રાજકીય રીતે વર્તી રહી હોવાના કારણે અમે સભાગૃહ છોડી ગયા હતા. ભાજપ સરકારની બળાત્કારીઓ પ્રત્યેની આવી ઢીલી નિતિને કારણે બળાત્કારના બનતા બનાવોને કોંગ્રેસ પક્ષ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

## આ પણ વાંચીએ...

### ● ઊંટ-ઊંટડીના કરાવાયા લગ્ન

મધ્યપ્રદેશના શિવપુર જિલ્લાના રિનટાઈ ગામે તાજેતરમાં એક અનોખા લગ્ન યોજાયા. ઊંટ અને ઊંટડીના આ અનોખા લગ્નમાં ગામવાસીઓ ઉમટી પડ્યા હતા. કલ્લો નામની ઊંટડીના લગ્ન ગોપાલ નામના ઊંટ સાથે કરાવાયા.



કલ્લોના માલિક નરેશ રઘુવંશીએ કલ્લોને પોતાની દિકરીની જેમ પાળી હતી. તેઓની ઈચ્છા કલ્લોના લગ્ન કરાવવાની હોવાથી તેઓએ કાર્ડ છપાવી સગાસંબંધીઓને આમંત્રણ પણ આપ્યુ હતુ.


### ● કારને ઘર બનાવી લઈ મહિલા નીકળી દુનિયાની સફરે

દુનિયામાં શોખીન લોકોની કોઈ કમી નથી. હરવા-ફરવાનો શોખ ઘણાને હોય છે. ઈંગ્લેન્ડમાં રહેતી મરીના પીરો પોતાના હરવાફરવાના શોખને પૂર્ણ કરવા કારને જ ઘર બનાવી દીધુ છે. આ હરતા ફરતા ઘરમાં જ રહે છે, જમવાનુ બનાવે છે. રાત્રે સુરક્ષિત જગ્યા જોઈ તેમાં જ ઊંઘી જાય છે. તેની સાથે હંમેશા તેનો પાલતુ કુતરો રહે છે. કુતરો હરવા ફરવામાં હંમેશા સાથે રહે તે માટે તે કારમાં જ ફરવાનુ પસંદ કરે છે.



### ● ભારતમાં મળ્યુ દુનિયાનું સૌથી જુનુ જીવારમ

વૈજ્ઞાનિકોએ મધ્યભારતમાં લીલ શેવાળનુ ૧.૬ અરબ વર્ષ જુનુ જીવારમ શોધી કાઢ્યુ છે. છોડ સ્વરૂપનુ આ સૌથી જુનુ જીવારમ મધ્યપ્રદેશના ચિત્રકૂટમાંથી મળ્યુ છે. આ જીવારમ પર સંશોધન કરતાં જાણવા મળ્યું છે કે બહુ કોશીય જીવનનો પ્રારંભ ઘણા સમય અગાઉ થઈ ગયો હતો. વૈજ્ઞાનિકો અગાઉ ૩.૫ અરબ વર્ષ જુનુ એક જીવારમ મળ્યુ હતુ પરંતુ તે એક કોશી હતુ.



# મેઘરજમાં જીઈબીના કર્મચારીને મારી નાખવાની ધમકી

મેઘરજ, તા. ૨૧

મેઘરજ તાલુકા ઈન્દીરાનગરમાં વીજ કનેક્શન કાપવા ગયેલા જીઈબીના એક કર્મચારીને મારી નાખવાની ધમકી આપતાં કર્મચારીએ મેઘરજ પોલીસમાં જાણવાજોગ અરજી આપી હતી. જીઈબીના બાકી નાણાંની ઉઘરાણી કરવા ગયેલા કર્મચારીઓને ફરજમાં રૂકાવટ કરી મારી નાખવાની ધમકીઓ આપનારને કાયદાની બીક જ ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આવા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવું જીઈબીના અધિકારીઓ ઈચ્છી રહ્યા છે.

ગત તારીખ ૧૮ના રોજ ઈન્દીરાનગરમાં મીટર કનેક્શન કાપવા માટે ગયેલા કર્મચારીઓને બિભત્સ ગાળો બોલી તેમની હાથમાં રહેલા કાગળો ઝુટવી ફાડી નાખ્યા હતા અને સોમવારે પણ ઈન્દીરાનગરમાં મીટર કનેક્શન કાપવા ગયેલા જોષી પરિમલભાઈને જીઈબીના અન્ય કર્મચારીઓને મકરાણી ઝરીફ મહમદ ઈશાકમહમદે જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આથી કર્મચારી પરત ઓફિસે ફર્યા હતા અને મેઘરજ પોલીસ મથકે જાણવાજોગ આપી હતી. પોલીસે જાણવાજોગ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ હોદ્દેદારોની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી- સાબરકાંઠા જિલ્લા દ્વારા આજરોજ હિંમતનગર શહેરમાં જિલ્લાના હોદ્દેદારોની મીટીંગ જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સમગ્ર જિલ્લામાંથી વિવિધ તાલુકાઓના પ્રમુખ-મહામંત્રી તેમજ જિલ્લાના હોદ્દેદારો, વિવિધ સંગઠનમાં જવાબદારી આપેલ તેવા અગ્રણીઓ તેમજ વિસ્તારકોને સંબોધતા જે.ડી. પટેલે જણાવેલ કે કાર્યકર્તાએ પોતાના કામની પ્રોફાઈલ બનાવવી જોઈએ, દરેક હોદ્દેદાર પ્રવક્તા તરીકે પણ કામ કરે, હવે આજથી આપણે ચૂંટણીલક્ષી કામગીરી કરવાની છે. ચૂંટણી વહેલા આવે કે નિર્ધારીત સમયે આપણે આગામી દિવસોમાં મહેનતપૂર્વક કામ કરીએ. જે.ડી. પટેલે આગામી કાર્યક્રમો વિશે જણાવેલ કે, પેઝ પ્રમુખ સંમેલન મળશે ત્યારબાદ દરેક મંડળમાં સંમેલનો કરવાના છે. સરકારના સેવા સેતુ કાર્યક્રમો થકી ૩૫ લાખ લોકોના પ્રશ્નોનો સુખદ નિકાલ આવ્યો છે. બેરોજગારી માટે સીધી ભરતી કરી તેમજ સરકારની ભરતીમાં ટ્રાન્સફરન્સી આવી છે. જેથી કોઈ લાગવગ ન થાય આગામી ૨૩મી તારીખે મહેસાણા ખાતે શહીદ દિવસે યુવા મોરચાના કાર્યક્રમમાં જિલ્લામાંથી બે થી અઢી હજાર યુવા કાર્યકરો જોડાય તેવા પ્રયત્નો આપણે કર્યા છે. બુથ ચલો કાર્યક્રમ પણ આપણે કરવાના છે.

આ પ્રસંગે પ્રદેશમાંથી આવેલા વિસ્તારક રાજુભાઈ શુક્લાએ જણાવેલ કે આપણે આજે ભારતમાં ૫૮ ટકા વિચારધારા આવી પહોંચી છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી કેવી રીતે જિત્યા તે વિશે વાત કરતા શુક્લાએ જણાવેલ કે ત્યાં પણ પૂર્ણ સમય કાર્યકર્તાઓ કામે લાગ્યા, પ્રશિક્ષણ શીબીરોના કારણે કાર્યકર્તાઓનું ઘડતર થાય છે. ભારતીય જનતા પાર્ટી કર્મઠ કાર્યકર્તાઓની પાર્ટી છે. આપણે પદાધિકારીઓ છીએ. શરૂઆતમાં જિલ્લા ભાજપ મહામંત્રી અશોકભાઈ જોષીએ જિલ્લાના દરેક તાલુકાના હોદ્દેદારોએ શું કાર્યક્રમો કર્યા તેની વિસ્તૃત માહિતી મેળવી હતી તેમજ હોદ્દેદારોએ આગામી તારીખોમાં કયા કામો કરવા તેની સુચના આપી હતી.

જિલ્લા ભાજપ મહામંત્રી તખતસિંહ હડીયોલે જણાવેલ કે આપણે આગામી છઠ્ઠી એપ્રીલે ભાજપના સ્થાપના દિવસના દિવસે આપણે ઘરે ઘરે પત્રીકા પહોંચાડવી તેમજ સ્કીટર લગાવવાનો કાર્યક્રમ કરવાનો છે તેમજ વિવિધ સમાજના લોકોને સંપર્ક કરી જોડવાના છે તેમજ ૨૩મી માર્ચથી ૩૧ માર્ચસુધી બુથ ચલો કાર્યક્રમ કરવાના છે. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય અને વિસ્તારક ભાવીનભાઈ શેઠ, મહેન્દ્રસિંહ રહેવર, જિલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, ભગાભાઈ પરમાર, પ્રેમલભાઈ દેસાઈ સહિત સમગ્ર જિલ્લાના મોટી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા-ગાંભોઈ માર્ગ પર કારની ટક્કરમાં મહિલાનું મોત

ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર ગાંભોઈ માધવ પેટ્રોલ પંપ પાસે ઈનોવા કાર ચાલકે એક્ટીવા ચાલક મહિલા શિક્ષીકાને ધડાકાભેર ટક્કર મારતાં કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ઈનોવા કાર ચાલક ઘટનાસ્થળેથી પલાયન થઈ ગયો હતો. હિંમતનગર તાલુકાના વાવડી ગામના ગ્રામજનોના જણાવ્યા મુજબ વાવડી પ્રાથમીક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતા માનપુર ગામના આશાસ્પદ શિક્ષીકા આશાબેન ચેતનભાઈ પટેલ હોન્ડા એક્ટીવા મોપેડ લઈ ઘરેથી નીકળ્યા હતા ત્યારે ગાંભોઈ માધવ પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન ટોયોટા ઈનોવા કાર ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે માતેલા સાંઢની માફક કાર હંકારતાં એક્ટીવા ચાલક શિક્ષીકા આશાબેન ચેતનભાઈ પટેલ, રહે. માનપુર, તા.હિંમતનગરને ધડાકાભેર ટક્કર મારતાં મહિલાનું કરૂણ મોત નિપજતાં ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

# બાયડમાં રમત-ગમતના મેદાન અને બગીચાની વિધાનસભા ગૃહમાં માંગણી કરતાં મહેન્દ્રસિંહ વાઘેલા

બાયડ, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ક્યારે શરૂ કરવામાં આવી ? તેનો હેતુ શુ ? અને આ યોજના અંતર્ગત કયા કયા કામો કરવામાં આવે છે ? તેવો પ્રશ્ન પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પૂછાયો હતો. જે અંગે બાયડ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર અંગે પેટાપ્રશ્ન ઉભો કરતાં બાયડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે, નવરચિત બાયડ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરનું કામ ચાલે છે પણ પાછળથી રોડનું કામ અધુરૂ છોડીને કોન્ટ્રાક્ટરો જતા રહે છે, તેની સામે સરકાર શું પગલાં લેવા માંગે છે ? અને નવરચિત નગરપાલિકાઓ વસ્તીના ધોરણે બને છે, તેમાં માળખાકીય સુવિધામાં રમતગમતના મેદાનો-બગીચાનો સમાવેશ કરવા સરકાર માંગે છે કે કેમ ? સરકાર દ્વારા ખેલ મહાકુંભની વાત કરવામાં આવે છે ત્યારે બાયડમાં હજુ સુધી રમતગમતનું મેદાન નથી. બાયડને રમતગમતનું મેદાન આપવા માટે અવારનવાર માંગણી કરવામાં આવી છે, હજુ સુધી રમતગમતનું મેદાન ફાળવવામાં આવેલ નથી, ત્યારે બાયડ નગરપાલિકાને રમતગમતનું મેદાન અને બગીચો સત્વરે ફાળવવા મહેન્દ્રસિંહ વાઘેલાએ સરકાર સમક્ષ માંગણી કરી હતી.

# પ્રાંતિજ ખાતે આશા સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ દશામાના વિશાળ હોલ ખાતે આશા સંમેલન યોજાયું હતું. જેમાં પ્રાંતિજ સહિત તાલુકાની આશા બહેનો તથા આરોગ્ય કાર્યકરો સહિત મેડીકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે જિલ્લા અધિકારી ડૉ. મનીષ ફેન્સી દ્વારા તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ તા. ૨૦-૩-૨૦૧૭ને સોમવારના રોજ દશામાના હોલ ખાતે આશા સંમેલન યોજાયુ હતુ. જેમાં બેટી બચાવો, બેટી પઢાવોના સંદેશ સાથે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી એચ.વી. જોટાણીયા દ્વારા ભ્રૂણ પરીક્ષણના કાયદા તથા દિકરીના જન્મને વધાવવા બાબતની વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે આ પ્રસંગે મહંત સુનિલદાસજી મહારાજ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક, ડૉ. અરૂણસિંહ ભાટી, ડૉ. જયંત કનોરીયા, ડૉ. એન.એમ. શાહ સહિત મેડીકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

### સતર્ક રહેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ આ જીકા વાયરસનો રોગ એડીસ મચ્છર કરડવાથી થતો હોય છે. આ રોગના દર્દીના સાંધા દુઃખવા, આંખો લાલ થઈ જવી, તેમજ તાવ આવવો તેવા લક્ષણો ધરાવતો હોય છે. જીકા વાયરસ અંગે આજે જિલ્લાના

તબીબોને પૂરતી જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિદેશથી આવતા નાગરિકો માટે એક ખાસ સ્ક્રીનીંગ પણ શરૂ કરવામાં આવ્યુ છે તેમજ તે નાગરિકે એક ફોર્મ ભરીને તંત્રના અધિકારીઓને આપવાનું રહેશે.

### વિઝાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૬૫ દુકાનો છે. જયારે દરમહીને વ્યાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મળી રહે તે હેતુથી દરમાસના જથ્થા માટે ઓન લાઈન પરમીટ ઈસ્યુ થાય છે. નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન પરથી કોમ્પ્યુટરાઈઝ ડિલીવરી ચલનના આધારે ડોરસ્ટેપ ડિલીવરી આપવામાં આવે છે. દુકાને માલ પહોંચે તેની એસ એમ એસથી જાણકારી પણ આપવામાં આવે છે.

**વિજ્ઞાન મેળામાં ૨૦૨ શાળાઓએ ભાગ લીધો**

વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે દર વર્ષે વિજ્ઞાન મેળાનુ આયોજન કરવામાં આવે છે. જેમાં બે વર્ષ દરમિયાન કેટલી શાળાઓએ ભાગ લીધો ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીના જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ અને ૧૬ માં કુલ પ્રાથમિક અને માધ્યમિક વિભાગની ૨૦૨ શાળાઓએ ભાગ લીધો છે. જેમાં વિકાસ માટે વિજ્ઞાન અને ગણિત તેમજ રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન તકનિકી અને ગણિત વિષય આધારિત વિષયોનો સમાવેશ થાય છે.

### હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

●●●

થાય છે અંધાર દેખાતું નથી ?
હું બળું છું, તું મને પેટાવને.

●●●

જીવવાની લત ઘણી મોંઘી પડે
મૂર્ખ આ ઈર્શાદને સમજાવને.

●●●

**ચૂંટલો** : શબ્દરૂપે સ્મૃતિમાં રહી ગયેલા ચિનુ મોદી 'ઈર્શાદ' ને એમનાં જ બે શૅર જે એમણે જીવતે જીવ મૃત્યુ માટે કહી દીધાં હતાં એ... અશ્રુસભર અર્પણ...

●●●

મેં તને ક્યારે કહ્યું ઉપચાર કર ?
સ્વિચ કર તું ઑફ ને અંધાર કર.
અલવિદા કહેવાનો અવસર છે 'ચિનુ'-
ચાલ ઊભો થા અને શણગાર કર.

### સુપ્રીમનું સુચન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી કે સંવેદનશીલ મામલો હોવાના કારણે આ મુદ્દા પર વહેલી તકે સુનાવણી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ કોર્ટે સ્વામીને આ મુદ્દાને ૩૧મી માર્ચ અથવા તો તે પહેલા રજૂ કરવા માટે સુચના આપી હતી. સ્વામીએ કહ્યુ હતુ કે રામનો જન્મ જે જગ્યાએ થયો હતો તે જગ્યાને બદલી શકાય નહી. નમાજ કોઈ પણ સ્થળ પર અદા કરી શકાય છે. સુપ્રીમ કોર્ટની આજની પ્રતિક્રિયા ખુબ ઉપયોગી છે.

સુપ્રીમ કોર્ટે વાતચીત મારફતે રામ જન્મભૂમિ -બાબરી મસ્જિદ વિવાદને ઉકેલવા તમામ સંબંધિત પક્ષોએ નવેસરના પ્રયાસ કરવા જોઈએ. સીજેઆઈ જેએસ ખેહરે કહ્યુ હતુ કે આશરે એક સદી જુના વિવાદ મામલે હિન્દુ અને મુસ્લિમ સમુદાય વચ્ચેના વિવાદને ઉકેલી દેવા પક્ષો દ્વારા પસંદ કરવામાં આવેલા મધ્યક્ષીઓ સાથે મુખ્ય મંત્રણાકાર તરીકે બેસવા માટે તેઓ તૈયાર છે.

સીજેઆઈએ ભાજપના નેતા સ્વામીને કહ્યુ હતુ કે જો પાર્ટીઓ ખાસ મંત્રણાકાર તરીકે જો કોઈ અન્ય વર્તમાન જજને ઈચ્છે છે તો તેઓ જજને ઉપલબ્ધ કરાવવા માટે તૈયાર છે. જો કે કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે વિવાદને ઉકેલવા માટે સાથે સાથે અર્થપૂર્ણ તેમજ ગંભીર વાતચીત કરવા ઉદાર વલણ અપનાવવુ જોઈએ. સીજેઆઈ ખેહરના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે કહ્યુ છે કે જ્યુડિશિયલ ચુકાદો આવી શકે છે પરંતુ આવા સંવેદનશીલ મામલે મંત્રણા મારફતે જ વિવાદનો ઉકેલ લાવવામાં આવે તે જરૂરી છે.

આ મામલાને વહેલી તકે ઉકેલવા માટે ન્યાયિક દરમિયાનગીરીની જરૂર છે. સમાધાન ઉપર પહોંચવા માટે નવેસરથી પ્રયાસ કરવામાં આવી શકે છે. વિવાદને ખતમ કરવા માટે મધ્યસ્થીની પસંદગી કરી શકાય છે. ભાજપના નેતાએ અગાઉ અયોધ્યામાં વિવાદાસ્પદ સ્થળ પર રામ મંદિરના નિર્માણની મંજુરી આપવા સાથે સંબંધિત નિર્દેશ આપવાની માંગ કરીને અરજી કરવામાં આવી હતી.

### લાલઆંખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી જીતવા મદદ કરી શકે છે પરંતુ લોકસભા અને રાજયસભામાં ગેરહાજરી હોવાથી મુશ્કેલ થઈ શકે છે. તમામ સંવેદનશીલ મુદ્દાઓને ઉઠાવવા જોઈએ. મોદીએ તમામ સભ્યોને સ્પષ્ટ ચેતવણી આપી હતી. બંને ગૃહોમાં ભાજપના સભ્યોની ગેરહાજરીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. હાલના દિવસોમાં વિધાનસભાની ચૂંટણી પુરી થઈ છે. પાંચ રાજ્યોમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ ભાજપે જંગી બહુમતિ સાથે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં સરકાર બનાવી છે.

### મ્યુઝીયમ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરી રહ્યા છે. મોદી વૈશ્વિક આઈકન તરીકે ઉભરી આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મોદી સરકારે વિકાસનો રસ્તો બતાવ્યો છે. મોદી વૈશ્વિક ડેવલપમેન્ટ આઈકન તરીકે ઉભરી રહ્યા છે. અમારા દેશના અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે નાણામંત્રી અરુણ જેટલીનો તેઓ આભાર માને છે. મોદી સરકારે ખેડૂતોને મદદ કરી છે.

દેશના લોકોની અપેક્ષાઓ વધી રહી છે. ઉજ્જવલા યોજના જેવી શ્રેણીબદ્ધ લોકલક્ષી યોજનાઓની વાત કરતા યોગીએ કહ્યું હતું કે, કેન્દ્રમાં ભાજપના નેતૃત્વમાં સરકાર કોઈપણ પક્ષપાત કર્યા વગર સમાજના દરેક વર્ગ માટે કામ કરી રહી છે. અગાઉની અખિલેશ સરકારની ઝાટકણી કાઢતા યોગીએ કહ્યું હતું કે, બે અઢી વર્ષના ગાળામાં કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશને ૨.૫ લાખ કરોડનો ફંડ આપ્યો હતો પરંતુ સમાજવાદી પાર્ટી સરકારે આ રકમનો ઉપયોગ કર્યો ન હતો. યોગીએ કહ્યું હતું કે, તેમની પાર્ટીએ મુખ્યમંત્રી તરીકે તેમને ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપી છે અને આ કામગીરીને અદા કરવા માટે તેઓ તૈયાર છે. ઉત્તરપ્રદેશ એ રાજ્ય છે જ્યાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સુધરવા માટે પ્રયાસ કરવા પડશે. ભ્રષ્ટાચાર મુક્ત રાજ્ય બનાવવું પડશે. મહિલાઓની સુરક્ષા ઉપર ધ્યાન આપવું પડશે. રાજ્યમાં તમામ લોકો આવી શકે તેવું વાતાવરણ સર્જવું પડશે.

### ઘુસણખોરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓને શંકા છે. પરંતુ જો આ સંખ્યા અંદાજની નજીક છે તો ચોક્કસપણે પરેશાનીની વાત છે. કારણ કે ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ મુજબહ વર્ષ ૨૦૧૪માં ૮૦૦ અને વર્ષ ૨૦૧૫માં ૬૫૯ ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. બંગાળ ગૃહ વિભાગના એક વરિષ્ઠિ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ રિપોર્ટમાં રહેલી વાસ્તિવતા જાણવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે આસામ પોલીસ રિપોર્ટને લઈને ચિંતાતુર છે. ત્રાસવાદી ગતિવિધીમાં સતત વધારો થયો છે. કારણ કે છેલ્લા છ મહિનામાં અમે જેએમબીના ૫૪ ઓપરેટિવને પકડી ચુક્યા છે. હાલમાં ત્રાસવાદી ઘુસણખોરીને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશ દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ સુરક્ષા દળોને એલર્ટ કરવામાં આવ્યા છે અને તપાસ વધારે તીવ્ર બનાવી દેવામાં આવી છે.

### અમીર વ્યક્તિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમીર ભારતીયોની યાદીમાં સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે. મિત્તલ એકંદરે વિશ્વમાં ૫૬માં સ્થાને અને ભારતમાં ૧૬.૪ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા સ્થાને નોંધાયા છે.

ભારતમાંથી અબજોપતિ મહિલાઓમાં ચાર મહિલાઓ છે જેમાં સાવત્રી જિંદાલ ભારતનું નેતૃત્વ કરી રહ્યા છે તેઓ વૈશ્વિક યાદીમાં ૩૦૩માં ક્રમાંક છે. તેમની સંપત્તિ ૫.૨ અબજ ડોલર નોંધાઈ છે. સાવત્રી જિંદાલ ઓપી જિંદાલ ગ્રુપના ચેરમેન તરીકે રહ્યા છે. જ્યારે સ્મીતા ક્રિષ્ના ગોદરેજ વૈશ્વિક યાદીમાં ૮૧૪માં ક્રમાંક ઉપર છે. ભારતીય અબજોપતિની વાત કરવામાં આવે તો આ યાદીમાં અદાણી ગ્રુપના સ્થાપક ગૌત્તમ અદાણી, બજાજ ગ્રુપના ચેરમેન રાહુલ બજાજ, ઈન્ફોસીસના સહસ્થાપક નારાયણમૂર્તિ, ડાબરના વિવેકચંદ, મહિન્દ્રા ગ્રુપના વડા આનંદ મહિન્દ્રા પણ યાદીમાં સ્થાન મેળવી શક્યા છે. ભારતમાં કુલ અબજોપતિની સંખ્યા ૧૦૧ નોંધાઈ છે અને વૈશ્વિક યાદીમાં ચોથા સ્થાન ઉપર છે. પ્રથમ વખત ભારતમાં અબજોપતિની સંખ્યા ૧૦૦થી વધારે નોંધાઈ છે.